# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 23-12-2025 Day: Tuesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **શીતલ વૈશ્નવ** વાંચે છે.

---

## CM-ક્રાઈમ કોન્ફરન્સ:

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે ગાંધીનગરમાં રાજ્યસ્તરની ક્રાઇમ કોન્ફરન્સનું ઉદ્ઘાટન કર્યું. આ પ્રસંગે તેમણે કહ્યું, રાજ્યના વિકાસમાં પોલીસનું મહત્વનું યોગદાન છે.

બે દિવસની આ કોન્ફરન્સમાં રાજ્યમાં સ્માર્ટ પોલીસીંગ, સ્માર્ટ ટેકનોલોજીનો ઉપયોગ, સાયબર ગુના તથા આતંકવાદ સહિતના મુદ્દા પર ચર્ચા કરાશે. કોન્ફરન્સના ઉદ્ઘાટન પ્રસંગે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, મુખ્ય સચિવ એમ કે દાસ, રાજ્ય પોલીસ વડા વિકાસ સહાય સહિત તમામ વરિષ્ઠ પોલીસ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા.

---------------------------------------------------------------------------------------------

## ધોળાવીરાને એવોર્ડ:

ગાંધીનગરનાઅડાલજ ખાતે આયોજિત ટુરિઝમ એવોર્ડ સમારોહમાં કચ્છના ધોળાવીરાને પુરાતન સંસ્કૃતિનાજાળવણી માટે એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનાહસ્તે ધોળાવીરાના સરપંચ જીલુભા સોઢાએ આ એવોર્ડ સ્વીકાર્યો હતો.કચ્છનાખડીર બેટમાં આવેલ વર્લ્ડ હેરિટેજ સાઇટ ધોળાવીરા પાંચ હજાર વર્ષ જૂની હડપ્પીયસંસ્કૃતિનો વારસો સાચવીને બેઠું છે. આ ગામ માત્ર કચ્છ જ નહીં,પરંતુ સમગ્ર દેશ અને દુનિયામાં તેના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસા માટેજાણીતું છે. આ ઐતિહાસિક સ્થળની જાળવણી અને સંરક્ષણ માટેના પ્રયાસોને બિરદાવવા પ્રવાસનવિભાગ દ્વારા આ ખાસ કાર્યક્રમ અંતર્ગત એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

---------------------------------------------------------------------------------------------

## વિમેન ફોર ટ્રીઝ કેમ્પેઈન:

શહેરી વિકાસ રાજ્યમંત્રી દર્શના વાઘેલાએ અમદાવાદના ધોળકાથી વિમેન ફોર ટ્રીઝ કેમ્પેઇનનો આજે શુભારંભ કરાવ્યો. શહેરી વિકાસ વર્ષની ઉજવણી અંતર્ગત યોજાયેલા આ કાર્યક્રમમાં ચાર મહાનગરપાલિકાના 40 પ્રોજેક્ટ માટે 185 લાખ અને 66 નગરપાલિકામાં 96 પ્રોજેક્ટ માટે 325 લાખ સહિત કુલ 136 પ્રોજેક્ટમાં દોઢ લાખ વૃક્ષો વાવવા માટે 5 કરોડ રૂપિયાથી વધુના પ્રોજેક્ટ્સની શરૂઆત કરવામાં આવી.

ઉલ્લેખનીય છે વિમેન ફોર ટ્રીઝ કેમ્પેઇન અંતર્ગત સ્વ-સહાય જૂથ સાથે સંકળાયેલી સાત હજારથી વધુ મહિલાઓ અંદાજિત દોઢ લાખથી વધુ વૃક્ષો વાવીને તેના જતનમાં સહભાગી થશે.

---------------------------------------------------------------------------------------------------

## માંડવી ખાતે વૃધ્ધાનો મૃતદેહ:

માંડવી તાલુકાના મંજલ ગામે તળાવમાં ડૂબી ગયેલા 60 વર્ષીય વૃદ્ધાનો મૃતદેહ આજે બીજા દિવસે મળી આવ્યો છે. દેવપર ગઢ ગામના આ વૃદ્ધા ગઈકાલે બપોરે અગમ્ય કારણોસર ગામના તળાવમાં પડી ગયા હતા અને ડૂબી ગયા હતા. આ અંગે ભુજ ફાયર વિભાગને જાણ કરાતા, તાત્કાલિક બચાવ કામગીરી શરૂ કરવામાં આવી હતી. ગઈકાલે અને આજે એમ બે દિવસ સુધી સઘન શોધખોળ હાથ ધરવામાં આવી હતી. તળાવમાં મગર હોવા છતાં, જીવના જોખમે વિવિધ વોટર રેસ્ક્યુ સાધનોનો ઉપયોગ કરીને કામગીરી કરવામાં આવી હતી.

---------------------------------------------------------------------------------------------------

## જીલ્લા કક્ષા બાળ પ્રતિભાશોધ સ્પર્ધા:

રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હસ્તકની કમિશ્નરશ્રી યુવક સેવા અને સંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી દ્વારા આયોજિત જીલ્લા કક્ષા બાળ પ્રતિભાશોધ સ્પર્ધા-૨૦૨૪-૨૫નું આયોજન આગામી ૨૯ મી ડિસેમ્બરે ઓલ્ફ્રેડ હાઈસ્કુલ ભુજ ખાતે કરાશે. સ્પર્ધકોએ સવારે ૦૯ :00 વાગ્યે સ્થળ ખાતે પહોચી જવા જીલ્લા યુવા વિકાસ અધિકારીની અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે. વધુ માહિતી માટે મોબાઈલ નંબર ૯૯૨૪૯૬૬૪03 પર સંપર્ક કરવા જણાવવામાં આવ્યું છે.

---------------------------------------------------------------------------------------------------

## મહિલા ક્રિકેટ:

મહિલા ક્રિકેટમાં, ભારત અને શ્રીલંકા વચ્ચે પાંચ મેચની શ્રેણીની બીજી T20 મેચ આજે વિશાખાપટ્ટનમના ડૉ. વાય.એસ રાજશેખર રેડ્ડી સ્ટેડિયમમાં રમાશે. આ મેચ સ્થાનિક સમય મુજબ સાંજે 7 વાગ્યે શરૂ થવાની છે.

યજમાન ટીમે શ્રેણીમાં 1-0થી લીડ મેળવી લીધી છે. કેપ્ટન હરમનપ્રીત કૌરની આગેવાની હેઠળની ભારતીય ટીમે ગયા રવિવારે વિશાખાપટ્ટનમમાં રમાયેલી પહેલી T20 મેચમાં શ્રીલંકાને આઠ વિકેટથી હરાવ્યું હતું.

---

## કચ્છ સાહિત્ય અકાદમી:

કચ્છ સાહિત્ય અકાદમીના ઉપક્રમે ગુજરાત સરકારના રમત ગમત,યુવા અને સંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ દ્વારા પાંચ દિવસીય કચ્છ સાહિત્ય ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. તારીખ ૨૫ થી ૨૯ ડીસેમ્બર સુધી ભુજના સ્મૃતિવન ખાતે યોજાનારા આ કાર્યક્રમમાં સાહિત્ય વિષય વિવિધ કાર્યક્રમો અને વ્યાખ્યાન યોજાશે તેવું કચ્છ સાહિત્ય અકાદમીની યાદીમાં જણાવાયું છે.

---

## કામધેનુ યુનિવર્સિટી:

પશુ સારવાર સંકુલ, પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, કામધેનુ યુનિવર્સિટી દ્વારા ભુજ ખાતે આવેલા માઉન્ટેડ પોલીસ યુનિટમાં ફરજ બજાવતા ઘોડાઓના આરોગ્યની તપાસ, નિદાન અને સારવાર માટેના ક્લિનિકલ કેમ્પનું આયોજન કરાયું હતું. જેનો હેતુ માઉન્ટેડ પોલીસમાં ફરજ બજાવતા ઘોડાઓના આરોગ્યની તપાસ કરી તેમની કાર્યક્ષમતા અને તંદુરસ્તી સુનિશ્ચિત કરવાનો હતો.

---